## બઢતી માટે કમ્પ્યુટરયોગ્યતા પરીક્ષાની જોગવાઈઓ અંગે

ગુજરાતસરકાર, સા.વ. વિભાગ, પરિપત્રક્રમાંક : પરબ-1006-383-ગ-2(આર.એસ.એલ.)
સચિવાલય, ગાંધીનગર, તા. 5-2-2007

*વંચાણમાં લીધા :* (1) *સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના, ક્રમાંક : જીએસ/39/2005/ સીઆરઆર/102003/672(I)/પાર્ટ-2/ગ-2, તા. 26-12-'05.*

(2) *સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના,. ક્રમાંક : જીએસ/18/2006/ સીઆરઆર/102003/672(I)/પાર્ટ-2/ગ-2, તા. 20-7-'06.*

(3) *સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના, ક્રમાંક : જીએસ/2006/31/ખતપ/ 102005/1519/ક, તા. 30-9-'06.*

(4) *સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના, ક્રમાંક : જીએસ/36/2006/ સીઆરઆર/102003/672(I)/પાર્ટ-2/ગ-2, તા. 3-11-'06.*

**પરિપત્ર :**

સરકારની સામાન્ય વહીવટ વિભાગની વંચાણમાં લીધેલ ક્રમાંક : (1) સામેની તા. 26-12-'05 ની અધિસૂચનાથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 માં સીધી ભરતી તથા બઢતી માટે કમ્પ્યુટરજ્ઞાન અંગેની જોગવાઈ તા. 1-7-'06 થી અમલી બને તે રીતે કરવામાં આવી હતી. ત્યારબાદ વંચાણમાં લીધેલ ક્રમાંક : (2) સામેની તા. 20-7-'06 ની અધિસૂચનાથી આ મુદતમાં વધારો કરી બઢતી માટેની કમ્પ્યુટરજ્ઞાન અંગેની આ જોગવાઈ તા. 1-7-'06 ના બદલે તા. 1-10-'06 થી અમલી બનાવવામાં આવેલ છે. તા. 1-10-'06 કે ત્યારબાદ બઢતી / ઉચ્ચતર પગારધોરણની પાત્રતા મેળવનાર કર્મચારી / અધિકારીઓએ વંચાણમાં લીધેલ ક્રમાંક : (3) સામેની સામાન્ય વહીવટ વિભાગની તા. 30-9-'06 ની અધિસૂચના પ્રમાણે નિયત કરવામાં આવેલ કમ્પ્યુટરજ્ઞાન અંગેની યોગ્યતાપરીક્ષા પાસ કરવાની રહે છે.

સામાન્ય વહીવટ વિભાગની વંચાણે લીધેલ ક્રમાંક : (1) સામેની તા. 26-12-'05 ની અધિસૂચનાની જોગવાઈ મુજબ તા. 1-10-'06 કે તે પહેલાં જે કર્મચારી / અધિકારીની વય 45 વર્ષ પૂર્ણ થઈ હોય અને આવા અધિકારી / કર્મચારીએ જો સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ મોડ્યુલ-1 ની તાલીમ મેળવી હોય તો તેવા કર્મચારીને કમ્પ્યુટરજ્ઞાન અંગેની સરકાર દ્વારા નિયત થનાર યોગ્યતાપરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મળવાપાત્ર બનશે તેવી જોગવાઈ કરવામાં આવી હતી, પરંતુ સરકારશ્રીની પુનઃવિચારણાના અંતે સામાન્ય વહીવટ વિભાગની વંચાણમાં લીધેલ ક્રમાંક (4) સામેની તા. 3-11-'06 ની અધિસૂચનાથી કમ્પ્યુટરજ્ઞાન અંગેની પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા અંગેની જોગવાઈ રદ કરવામાં આવી છે અને હવે તા. 1-10-'06 કે ત્યારબાદ અપાનાર તમામ બઢતીઓ માટે કર્મચારી / અધિકારીઓએ કમ્પ્યુટરજ્ઞાન અંગેની નિયત થયેલ પરીક્ષા પાસ કરવી ફરજિયાત બને છે. અલબત્ત, પ્રારંભિક તબક્કામાં બઢતીની પ્રક્રિયામાં વિક્ષેપ ન થાય તે માટે તા. 1-10-'06 થી તા. 31-3-'07 દરમ્યાન અપાનાર બઢતીઓ તા. 31-3-'07 સુધીમાં પરીક્ષા પાસ કરવાની શરતે આપી શકાશે તેવી પણ જોગવાઈ કરવામાં આવી છે.

3. નિયમો અંગેની ઉપર જણાવ્યા મુજબની પરિસ્થિતિ હોવા છતાં અગાઉની જોગવાઈઓને લક્ષમાં લઈને કેટલાંક ખાતાં / કચેરીઓ દ્વારા 45 વર્ષની વય પ્રાપ્ત કરેલ અને મોડ્યુલ-1 અંગેની તાલીમ લીધેલ કર્મચારી/અધિકારીઓને કમ્પ્યુટરયોગ્યતા પરીક્ષામાંથી મુક્તિ આપવા અંગેના હુકમો કરવામાં આવ્યા છે. ઉપર ફકરા-2 માં સ્પષ્ટ કરાયા મુજબ હવે કમ્પ્યુટરયોગ્યતા પરીક્ષામાંથી મુક્તિ મળવાપાત્ર નથી આથી જો કોઈ કર્મચારી / અધિકારીઓને મુક્તિ આપતા હુકમો કરવામાં આવ્યા હોય તો તે

તાત્કાલિક અસરથી રદ કરવા આથી સચિવાલયના તમામ વહીવટી વિભાગ / ખાતાંના વડા / સંબંધિતોને સૂચના આપવામાં આવે છે.

4. વંચાણમાં લીધેલ ક્રમાંક : (4) સામેની સામાન્ય વહીવટ વિભાગની તા. 3-11-'06 ની અધિસૂચનાની જોગવાઈ મુજબ તા. 31-3-'07 સુધી જ શરતીબઢતી આપી શકાશે અને બઢતીની શરત મુજબ કમ્પ્યુટરયોગ્યતા પરીક્ષા પાસ ન કરનાર કર્મચારી / અધિકારીને તા. 1-4-'07 ની તાત્કાલિક અસરથી રિવર્ઝન આપવાનું રહેશે અને તા. 1-4-'07 કે ત્યારબાદ જો જે તે કર્મચારી / અધિકારી કમ્પ્યુટરયોગ્યતા નિયત પરીક્ષા પાસ કરે તો જ તેને બઢતી આપવા માટે પ્રવર્તમાન નિયમોનુસાર વિચારણા કરવાની રહેશે જેની પણ નોંધ લેવા સચિવાલયંના તમામ વહીવટી વિભાગ / ખાતાંના વડા / સંબંધિતોને આથી જણાવવામાં આવે છે.

5. ઉચ્ચતર પગારધોરણના કિસ્સામાં પણ તા. 1-10-'06 પહેલાં પાત્ર બનતા કિસ્સામાં કમ્પ્યુટરપરીક્ષા પાસ કરવાની ફરજિયાત બનશે નહિ, પરંતુ તા. 1-10-'06 કે ત્યારબાદ ઉચ્ચતર પગારધોરણ મેળવવા પાત્ર બનતા કર્મચારી / અધિકારીઓના કિસ્સામાં ઉપર દર્શાવ્યા મુજબની બઢતી માટેની કમ્પ્યુટરયોગ્યતા પરીક્ષા પાસ કરવાની જોગવાઈનો અમલ કરવાનો રહેશે.

6. ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સચિવાલયના તમામ વહીવટી વિભાગો / ખાતાંના વડાઓ / સંભવિતોને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતરાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, સી. એમ. સિસોદિયા
નાયબ સચિવ, સા.વ. વિભાગ